Judgment   Criminal Case No.1088 of 2025

GJLV060013032025

રજુ તારીખ	::	૦૬/૦૯/૨૦૨૫		
દાખલ તારીખ	::	૦૬/૦૯/૨૦૨૫		
ફેંસલ તારીખ	:	૦૧/૦૮/૨૦૨૬		
અવધિ	:	વર્ષ	માસ	દિવસ

:: ફોર્મ–એ ::

એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી બી.એન.દવે) સાહેબની કોર્ટમાં, મુ.બાલાસિનોર.
ચુકાદાની તારીખ ૦૧/૦૮/૨૦૨૬
ક્રિમિનલ કેસ નંબર : ૧૦૮૮/૨૦૨૫
બાલાસિનોર તાુકા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૭૦૧૧૨૫૦૧૭૩/૨૦૨૫
આંક –

ફરીયાદપક્ષ	શ્રી સરકાર
રજુઆત	વિ.એ.પી.પી.શ્રી કે.એમ.રાણા
આરોપી પક્ષ	ગોપાલભાઈ કાન્તીભાઈ મહેરા, રહે. પાલીખંડા, તા.બાલાસિનોર, જી.મહીસાગર
રજૂઆત	વિ.વ.શ્રી કે.એચ.પરમાર

:: ફોર્મ–બી ::

ગુનાની તારીખ	તા.૧૮/૦૭/૨૦૨૫
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	તા.૧૮/૦૭/૨૦૨૫
આખરી અહેવાલની તારીખ	તા.૦૬/૦૯/૨૦૨૫
તહોમતનામાની તારીખ	તા.૦૬/૦૯/૨૦૨૫
પુરાવો શરૂ થયાની તારીખ	તા.૦૬/૦૬/૨૦૨૬
ચુકાદા માટે રાખ્યાની તારીખ	તા.૦૪/૦૭/૨૦૨૬
ચુકાદાની તારીખ	તા.૦૧/૦૮/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	લાગુ પડતુ નથી.

–: આરોપીની વિગત :–

આરોપીનો અનુક્રમ નંબર	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુક્તિની તારીખ	તહોમત	શું નિર્દોષ છોડયો/સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૮ મુજબ
૧.	ગોપાલભાઈ કાન્તીભાઈ મહેરા	તા.-	તા.-	બી.એન.એસ.ની કલમ-૩૫૧, ૩૫૨, ૧૧૫ (૨), ૧૧૮(૧) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ	નિર્દોષ છોડયો	લાગુ પડતુ નથી	લાગુ પડતુ નથી

- : ચુકાદો : -

(૧) આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૩૫૧, ૩૫૨, ૧૧૫ (૨), ૧૧૮(૧) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

(૨) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૮/ ૦૭/ ૨૦૨૫ ના રોજ સવારના આશરે કલાક ૧૦:૦૦ વાગ્યા ના સુમારે મોજે દેવ ગામે આ કામના ફરીયાદીએ આરોપીને જણાવેલ કે તમો પાણીની ટાંકીનુ સમારકામનુ કામ નકકી કરી કામ ઉપર આવતા નથી અને કામ ઉપર આવવાનુ કહેતા આરોપી ઉશ્કેરાઈ જઈ

ગમે તેમ ગાળો બોલી હું તમારે ત્યાં કામ ઉપર આવવાનો નથી તેમ કહી દુકાનમાંથી દાતરડુ તેના હાથમાં લઈ ફરીયાદીને મારવા જતા ફરીયાદીએ હાથ આગળ ધરી દેતા જમણા હાથના કાંડા ઉપર તથા કોણીના ભાગે મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરી, મહે. જીલ્લો મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ –૩૫૧, ૩૫૨, ૧૧૫(૨), ૧૧૮(૧) તથા જી.પી.એકટની કલમ –૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદી એ બાલાસિનોર પો.સ્ટે.માં આપતાં સદર ફરીયાદ બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૧૮૭૦૧૧૨૫૦૧૭૩/૨૦૨૫ થી રજીસ્ટર્ડ કરેલ અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામનાં આરોપીને સમન્સની ધોરણસરની બજવણી થતાં તેઓ કોર્ટમાં હાજર થતાં તેમને પોલીસ તપાસનાં તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ અત્રેની કોર્ટ દ્વારા આંક–૦૪ થી આરોપી પર તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

<u>મૌખિક પુરાવો :–</u>

ક્રમ	આંક	વિગત
૧	૧૫	ફરીયાદી મોહનસિંહ પર્વતસિંહ ચૌહાણની જુબાની

<u>દસ્તાવેજી પુરાવા :–</u>

ક્રમ	આંક	વિગત
૧	૧૬	ફરીયાદ
૨	૧૭	ગુનાવાળી જગ્યાનુ પંચનામુ
૩	૧૮	ફરીયાદી મોહનસિંહનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે આંક–૧૯ થી કલોઝીંગ પુરશીસ રજુ થતાં ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનુ જાહેર કરવામાં આવેલ. સદર કામે બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર જણાતો ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧. શું ફરિયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ સવારના આશરે કલાક ૧૦:૦૦ વાગ્યા ના સુમારે મોજે દેવ ગામે આ કામના ફરીયાદીએ આરોપીને જણાવેલ કે તમો પાણીની ટાંકીનુ સમારકામનુ કામ નકકી કરી કામ ઉપર આવતા નથી અને કામ ઉપર આવવાનુ કહેતા આરોપી ઉશ્કેરાઈ જઈ ગમે તેમ ગાળો બોલી હું તમારે ત્યાં કામ ઉપર આવવાનો નથી તેમ કહી દુકાનમાંથી દાતરડુ તેના હાથમાં લઈ ફરીયાદીને મારવા જતા ફરીયાદીએ હાથ આગળ ધરી દેતા જમણા હાથના કાંડા ઉપર તથા કોણીના ભાગે મારી ઈજા કરી જાનથી મારી નાખવાની

ધમકીઓ આપી ગુનો કરી, મહે. જીલ્લો મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧, ૩૫૨, ૧૧૫(૨), ૧૧૮(૧) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૨ છેવટે શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

::– નિર્ણય માટેના કારણો –::

મુદ્દા નં.૧ અને ૨.

(૭) ઉપરોક્ત મુદ્ધા સબંધીત ફરીયાદ પક્ષ દ્બારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધીનીયમ ૧૮૭૨ ની ત્રીજી આવૃતીના પાન નં ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની દ્બારા કરવામાં આવેલ છે. જે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોર્ય જે નીચે મુજબ ટાંકેલ છે.

""પુરાવાનુ મૂલ્યાંકન"" શબ્દનો પ્રયોગ કયાંય વ્યાખ્યાબદ્ઘ કરવામાં આવ્યો નથી એ માટે કોઈ પણ કાનૂન સમપ્રીત નિયમો નથી. કારણ કે પુરાવાનુ મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધીનીયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિષે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનીયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે સાબીત તથા ના સાબીત શબ્દો વ્યાખ્યાબદ્ઘ કરવામાં

આવ્યા છે. કોઇ હકીકતનું અસ્તીત્વ કે અનઅસ્તીત્વ સાબીત માનવુ તે મુલ્યાંકનનો ભાગ છે.

આમ, પુરાવાના મુલ્યાંકન સબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ હોય તો આરોપીના ગુનાહીત કૃત્યો બદલ તેમને કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબીત કે નાસાબીત થયેલાની પ્રક્રીયાએ પુરાવાનુ મુલ્યાંકનનો ભાગ છે.

(૮) હાલનાં કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામનાં આરોપી ઉપર એવો આક્ષેપ છે કે, તા.૧૮/ ૦૭/૨૦૨૫ ના રોજ સવારના આશરે કલાક ૧ ૦:૦૦ વાગ્યા ના સુમારે મોજે દેવ ગામે આ કામના ફરીયાદીએ આરોપીને જણાવેલ કે તમો પાણીની ટાંકીનુ સમારકામનુ કામ નકકી કરી કામ ઉપર આવતા નથી અને કામ ઉપર આવવાનુ કહેતા આરોપી ઉશ્કેરાઈ જઈ ગમે તેમ ગાળો બોલી હું તમારે ત્યાં કામ ઉપર આવવાનો નથી તેમ કહી દુકાનમાંથી દાતરડુ તેના હાથમાં લઈ ફરીયાદીને મારવા જતા ફરીયાદીએ હાથ આગળ ધરી દેતા જમણા હાથના કાંડા ઉપર તથા કોણીના ભાગે મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરી, મહે. જીલ્લો મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧, ૩૫૨, ૧૧૫(૨), ૧૧૮(૧) તથા જી.પી.એકટની

કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે હકીકત ફરીયાદપક્ષે પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ.

(૯) ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકતનાં સમર્થનમાં સૌપ્રથમ આંક–૧૫ થી આ કામનાં ઈજા પામનાર ફરીયાદી મોહનસિંહ પર્વતસિંહ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ પાંડવા મુકામે તેમના પરીવાર સાથે રહે છે. તેઓને સંતાનમાં બે દિકરા અને બે દિકરીઓ છે. તેમની દિકરીઓના લગ્ન તેમના દિકરા નોકરી અર્થે બહારગામ રહે છે. ફરીયાદવાળો બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ દેવ ચોકડી સવારે દસેક વાગ્યે બનેલો. બનાવના રોજ તેઓ દેવ ચોકડી સુનીલભાઈની દુકાને તેમના કામ અર્થે આવેલા ત્યા ગોપાલભાઈ કાંતીભાઈ મહેરાનાઓ હાજર હતા. ગોપાલભાઈ એ તેઓના ઘરે પાણીની ટાંકીનુ રીપેરીંગ કામ કરી આપવાનું નકકી કરેલુ અને અવાર નવાર કહેવા છતા રીપેરીંગ કામ કરવા માટે આવતા ન હતા જેથી તેઓ તેમને કહેલ કે તમારે કામ કરવા આવવુ ન હોય તો મને પહેલેથી ના પાડી હોત તો હું બીજા માણસને બોલાવીને કામ કરાવી લેત. આ દરમ્યાન તેમની વચ્ચે બોલાચાલી થતા આજુબાજુમાંથી માણસો ભેગા થઈ ગયેલા અને ધકકામુકકીમા પડી જવાથી તેઓને જમણા હાથે કોણીમા તથા કાંડાના ભાગે ઈજા થયેલી. તેઓને હાથમાં વાગેલ હોય બાલાસિનોર સરકારી દવાખાનામાં સારવાર કરાવેલી. બનાવ સબંધે તેઓએ આરોપી સામે બાલાસિનોર પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામા આવે છે જેમા તેમની સહી જોયેથી

ઓળખી બતાવતા હોય ફરીયાદને રજુ દાખલ આંક–૧૬ આપવામા આવેલ છે. આરોપીને જોયે ઓળખી શકે આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય આરોપીએ તેઓને કોઈ માર મારેલ હોય કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આ ફરીયાદી તેમની પોલીસ રૂબરૂની ફરીયાદને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસની પરવાનગી આપવામાં આવેલ જેમાં પણ આ ફરીયાદી તેમની પોલીસ રૂબરૂની ફરીયાદને લેશ માત્ર સમર્થનકારી પુરાવો આપતાં નથી.

આ ફરીયાદી તેમની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કંઈ બનેલુ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપી સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદ લખાવવા ગયા ત્યાં માત્ર તેઓએ ફરીયાદમા સહી કરેલી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદની હકીકત તેઓએ પોલીસને લખાવેલ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ડોકટરને તેઓએ કોઈ હીસ્ટ્રી લખાવેલ નથી. આમ, આ ફરીયાદી તેમની સોગંદ પરની જુબાનીમાં આ કામનાં આરોપીને તેમની સામેનાં આક્ષેપીત ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ ન હોય આ

ફરીયાદીની જુબાનીથી પણ આ કામનાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું થાય છે.

(૧૦) વધુમાં **ના. ગુજ.વડી અદાલતે '' પ્રવિણ ભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ''જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭** ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે,

"In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. So far as to section 506(2) is concerned, the threat must cause alarm in the mind of the person threatened."

આમ નામદાર ગુજરાત વડી અદાલતે આરોપીને ઈ.પી.કો. કલમ–૫૦૪/બી.એન.એસ.ની કલમ–૩૫૨ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દ બોલેલો તે શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જેથી, તેવા તે શબ્દો રેકર્ડ પર આવેલ ન હોઈ, જેથી પ્રોસીકયુશન આ કામના આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૩૫૨ હેઠળનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરેલ કહી શકાય નહિ. જેથી આરોપીઓને સદર ગુન્હામાં છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમા, ઈ.પી.કો. કલમ ૫૦૬(૨)/બી.એન.એસ.ની કલમ–૩૫૧ હેઠળ તકસીરવાન ઠરાવવા જેને ધમકી આપવામાં આવેલ છે તેને વ્યાજબી ધાસતી હોવી જોઈએ. જે હાલના કામે પુરાવો જોતા ફરીયાદીએ આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી સંદર્ભે પોલીસ રક્ષણ માંગેલ નથી અને તેઓની રોજબરોજની ક્રિયા રોકાઈ ગયેલ નથી કે કોઈ અન્ય બનાવની ફરીયાદ હાલના ફરીયાદ બાદ કરેલ હોવાનો પુરાવો રજુ નથી. જેથી આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૩૫૧ નો ગુનો સાબીત થતો નથી.

(૧૧) ઉપરોકત તમામ હકીકતે પડેલ પુરાવાને ધ્યાને લેતાં સદર કામે હાલના આરોપીએ ફરીયાદીને સ્વેચ્છાપુર્વક વ્યથા કરી હોય તથા આરોપીએ ફરીયાદીને ગાળો બોલેલ હોય તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે જેના કારણે ફરીયાદી ડરીને બહાર નીકળી શકતા ન હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી પુરવાર થતી નથી અને તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલ ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોય હાલના આરોપીને સદરહું ગુના અંગે દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં, ફરીયાદપક્ષે આ કામે આંક–૧૭ થી ગુનાવાળી જગ્યાનાં પંચનામુ તથા આંક–૧૮ થી દાકતરી પ્રમાણપત્રને આરોપી પક્ષ તર્ફે આંક આપવા સામે વાંધો ન હોવાનો શેરો કરેલ હોઈ એડમીટ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતાં તેનાથી ફરીયાદીને ઈજા થયેલ હોવાનું માની શકાય પરંતુ આ ઈજા આ કામનાં

આરોપીએ કરેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર કરતો આ પુરાવો ગણાવી શકાય નહી. ત્યારબાદ આંક-૧૯ થી ફરીયાદપક્ષે કલોઝીંગ પુરસીસ રજુ કરેલ જે સદર કામે સ્વીકારી કાર્યવાહી બંધ કરવામાં આવેલ અને પડેલ પુરાવા પરથી જ આ કામનો ન્યાયિક નિર્ણય કરવામાં આવશે તો ન્યાયનો હેતુ સરશે તેવુ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે, તથા રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવા તારણ ઉપર આ અદાલત આવે છે, જેથી મુદ્દા નં.૧ પરત્વેનો નિર્ણય નકારાત્મકમાં આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદ્દા નં.૨ પરત્વેનો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

-:: આખરી હુકમ ::-

- આ કામનાં આરોપી ગોપાલભાઈ કાન્તીભાઈ મહેરા, રહે. પાલીખંડા, તા.બાલાસિનોર, જી.મહીસાગરનાઓ ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧ (૧) અન્વયે બી.એન.એસ.ની કલમ-૩૫૧, ૩૫૨, ૧૧૫(૨), ૧૧૮(૧) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.
- મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામનાં આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબના રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જાત જામીન તથા તેટલી રકમના જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

(બકુલકુમાર નટવરલાલ દવે)
એડી. ચીફ જ્યુડી. મેજી.,
બાલાસિનોર–મહીસાગર,
જજ કોડ–જી.જે.૦૧૨૭૨

તા.૦૧–૦૮–૨૦૨૬
સ્થળ–બાલાસિનોર.

//સ્ટેનોગ્રાફર–ડી.એન.પંડયા//